## રજાપ્રવાસરાહતનો લાભ મોકૂફ રાખવા અંગે

નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : મસભ-102003-યુઓ-1268-ચ,
સચિવાલય, ગાંધીનગર, તા. <u>6-12-2003</u>

*વંચાણે લીધા :* *(1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : મસભ-102001-368-ચ, તા. 1-5-2001.*
*(2) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : મસભ-102003-368-ચ, તા. 18-8-2003.*

ઉપર વંચાણમાં દર્શાવેલ ઠરાવો અન્વયે રાજ્યના કર્મચારીઓને રજાપ્રવાસરાહત/વતનપ્રવાસરાહત બ્લોકવર્ષ 2000-2003ની સવલત તેમાં દર્શાવેલ શરતોને આધીન તા. 1-5-2001 થી ત્રણ વર્ષની મુદત માટે મોકૂફ રાખવાનું ઠરાવવામાં આવેલ છે. પરંતુ જે કર્મચારીઓ ઉક્ત મુદત દરમિયાન સરકારી સેવામાંથી વયનિવૃત્ત થનાર છે અને ઉક્ત હુકમોની રવાનગી અગાઉ રજાપ્રવાસરાહત બ્લોકવર્ષ : 2000-2003નો લાભ લીધેલ ન હોય તેવા કર્મચારીઓને ઉક્ત હુકમોમાંથી મુક્તિ આપવામાં આવેલ છે. અર્થાત્ તા. 30-4-2004 સુધીની મુદત દરમિયાન સેવામાંથી વયનિવૃત્ત થતા કર્મચારીઓ તેમની સેવાકાળ દરમિયાન ઉક્ત બ્લોકના એલ.ટી.સી.નો લાભ લઇ શકે છે.

સામાન્યતઃ કર્મચારીઓ એલ.ટી.સી.નો લાભ ઉનાળુ અથવા દિવાળી વેકેશન દરમિયાન લેવાનું પસંદ કરતા હોય છે. એલ.ટી.સી.નો લાભ લેવા માટે કર્મચારીઓ રેલવે/બસરિઝર્વેશન, રાત્રિરોકાણ તેમ જ પ્રવાસને લગતી અન્ય આનુષંગિક બાબતો વગેરેનું આયોજન બે-ત્રણ માસ અગાઉ કરવું પડતું હોય છે. રજાપ્રવાસરાહત સવલત મોકૂફીની મુદત તા. 30-4-2004ના રોજ પૂરી થાય છે. આથી તા. 30-4-2004 પછી નજીકના ત્રણ-ચાર માસમાં સરકારી સેવામાંથી વયનિવૃત્ત થનાર છે તેવા કર્મચારીઓને ઉપર જણાવ્યા મુજબ પ્રવાસઆયોજન કરવામાં મુશ્કેલીઓ ન પડે અને તેઓ વયનિવૃત્તિપૂર્વે મળવાપાત્ર એલ.ટી.સી.નો લાભ તેમના કુટુંબના સભ્યો સાથે લેવા અંગેની કાર્યવાહી આયોજનબદ્ધ રીતે કરી શકે તે બાબત ધ્યાનમાં લઇ આ અંગે સહાનુભૂતિપૂર્વકની વિચારણાને અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે :

પુખ્ત વિચારણાને અંતે કરવામાં આવેલ નિર્ણયના અનુસંધાને આમુખમાં વંચાણક્રમાંક (2) આગળ દર્શાવેલ નાણાં વિભાગના તા. 18-8-2003ના ઠરાવની શરતનંબર (2)નો લાભ તા. 31-8-2004 સુધી સરકારી સેવામાંથી વયનિવૃત્ત થનાર કર્મચારીઓને મળવાપાત્ર થશે, પરંતુ સંબંધિત કર્મચારીએ અગાઉ એલ.ટી.સી. બ્લોક : 2000-2003નો લાભ લીધેલ ન હોવો જોઇએ. વંચાણમાં દર્શાવેલ ઠરાવની અન્ય શરતો યથાવત્ રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એચ. ડી. સેઇલર
ઉપસચિવ, નાણાં વિભાગ

* * *